જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૮/૨૦૧૮ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૪૬/૧૮

**ટ્રાન્સપોર્ટની ટ્રકોમાંથી રાત્રિના સમયે ચોરી કરતી ટોળકીના બે ઈસમોને ચોરીની સાડીઓ તેમજ સિગારેટનાં પેકેટ મળી કુલ કિ.રૂ.૩,૧૫,૦૦૦/- ની મત્તાના મુદામાલ સાથે પકડી પાડી ચોરીના ૨ ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ.**

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી માધુપુરા માર્કેટ તેમજ ઘંટાકર્ણ માર્કેટ વિગેરે જગાઓએ આવેલ ટ્રાન્સપોર્ટના ગોડાઉનોમાં માલ ખાલી કરવા માટે ઉભી રહેલ ટ્રકોમાં રાત્રિના સમયે કેટલીક ચોર ટોળકીઓ દ્વારા ટ્રકમાંથી સામાન કાઢી લઈ ચોરી કરવાના બનાવો બનવા પામેલ હોય આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ ઇન્ચાર્જ ખાસ પોલીસ કમિશ્નર અને નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન ક્રાઇમબ્રાંચ તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એસ.એલ.ચૌધરી નાઓના માર્ગદર્શન/સુચના હેઠળ ઓટોરીક્ષા પેસેન્જર ચોરી/લુંટ અને ગ્લાસ બ્રેકીંગ થેફ્ટ સ્કોડના પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.એમ.ગોહીલ, પો.સ.ઇ શ્રી વાય.જી.ગુર્જર, પો.સ.ઈ. શ્રી આર.પી.ભરવાડ, પો.સ.ઈ. શ્રી આર.જે.ચૌધરી નાઓ સ્કોડના માણસો સાથે તા.૨૪/૦૮/૨૦૧૮ ના રોજ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્ટાફના ASI વિજયસિંહ ઇશ્વરસિંહ તથા હે.કો.મેહુલકુમાર જયંતીલાલ નાઓને ખાનગી રાહે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે આરોપી (૧) વિક્રમ ઉર્ફે ગુગો S/O ભવરભાઇ કલાજી ઠાકોર ઉવ.૨૦ રહે.નટવરલાલ આત્મારામ પટેલની ચાલી કટારીયા શો રુમની બાજુમાં પ્રેમદરવાજા દરિયાપુર અમદાવાદ શહેર તથા (૨) અજય ઉર્ફે બાવો S/O શકરાજી તરસંગ ઠાકોર ઉવ.૨૩ રહે.નરસિહભાઇ લલ્લુભાઇ ની ચાલી મારવાડી સ્ટોર્સ ની પાછળ પ્રેમ દરવાજા ઇદગાહ રોડ દરીયાપુર અમદાવાદ શહેર નાઓને પકડી પાડી તેઓ પાસેથી અલગ-અલગ સાડીઓ નંગ-૧૨૩ સિગારેટ તથા બ્રિસ્ટોલનાં પેકેટ મળી કુલ કિ.રૂ.૩,૧૫,૦૦૦/- ની મત્તાનો મુદામાલ રિકવર કરેલ છે.

આરોપીઓની પુછપરછ દરમ્યાન નીચે મુજબના ગુનાઓ શોધાયેલ છે

પકડાયેલ આરોપીઓની પુછપરછ તપાસ દરમ્યાન તેઓએ પોતાના સાગરિતો સાથે મળી એક માસ અગાઉ પ્રેમ દરવાજા ચાર રસ્તા ખાતે ન્યુ મનસુરી ટ્રાન્સપોર્ટ આગળ રાત્રિના સમયે એક ટ્રક પડેલી હોય અને તેમાં ટ્રાન્સપોર્ટનો સામાન ભરેલો હોય તેમજ કોઈ ડ્રાઈવર હાજર ન હોવાથી આ ટ્રક ઉપર ચઢી જઈ સાડીઓ ભરેલ થેલાઓ કાઢી ચોરી કરેલ હોવાની તેમજ ત્રણેક મહીના પહેલાં કાલુપુર ચોખાબજાર પાસે આવેલ કબુતરખાનાની સામે આવેલ હનુમાનજીના મંદિર પાસે એક ટ્રક ઉભેલ હતી અને તેમાં જુદાજુદા પાર્સલોની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૧) માધુપુરા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૨૨/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯

(૨) દરિયાપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૩૯/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯

## (૧) મિલ્કત સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચનાથી અધિક પો.કમિ.શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "જે" ડીવીઝન સાહેબનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે સાથે મણીનગર તથા વટવા પો.સ્ટે. દાખલ મિલ્કત સબંધી (૧) મણિનગર પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૭૫/૧૭ ઈપીકો કલમ- ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ તથા (૨) વટવા પો. સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૨૪૬/૧૭ ઈપીકો કલમ ૩૮૦ મુજબના ગુનામાં આરોપી નામે યાસીન ઉર્ફે ચીલ્લર ઉર્ફે બિલ્લો સ/ઓ પીરુભાઈ જીવાભાઈ જાતે-કુરેશી ઉવ.૩૦ રહે, ગણેશનગરના છાપરા, પાવરહાઉસની બાજુમાં, એકતાનગરની અંદર, પીપળજ, પીરાણા રોડ, અમદાવાદ નાઓની વિરુધ્ધ મે.પો.કમિ. શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ કમાક:પીસીબી/ડીટીએન/પાસા/૭૬૧/૧૮ તા.૨૨/૦૮/૨૦૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૨૩/૦૮/૨૦૧૮ ના કલાક ૧૨/૦૫ વાગે સાબરમતી જેલ ખાતે અહેકો નરપતદાન માધવદાન તથા જેલર સાહેબ રુબરુ પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર – સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## (૨) પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની સુચના આધારે તથા અધિક પો.કમિ.શ્રી સેકટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા તથા પો.સ.ઈ એસ.પી.ગોહીલ તથા સાથેના સર્વેલન્સ સ્કોડના માણસો સાથે વટવા પો.સ્ટે. દાખલ પ્રોહીબીશન સબંધી (૧) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૩૨૯/૧૮ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબના ગુનામાં આરોપી નામે રમેશકુમાર ઉર્ફે મોન્ટુ પ્રકાશચન્દ્ર ગણેશજી જાતે-કલાલ ઉંવ.૨૫ રહે, ૨૨, ઈલોરા એપાર્ટમેન્ટ, બાપા સીતારામ ચોક, કૃષ્ણનગર નવા નરોડા, અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધ મે.પો.કમિ. શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ કમાક :- પીસીબી/ડીટીએન/પાસા/૭૭૫/૨૦૧૮ તા.૨૫/૦૮/૨૦૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને આજરોજ તા.૨૫/૦૮/૨૦૧૮ ના કલાક ૨૦/૪૫ વાગે પકડી અટક કરી પાસા હુકમની બજવણી કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર – સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## : અમરાઇવાડી પોલીસ સ્ટેસન

## પ્રોહિબીશનના ગુનામાં પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર ના પાસા હુકમ નં.PCB/DTN/PASA/૭૭૦/૨૦૧૮ તા.૨૪.૦૮.૨૦૧૮ ના પાસા અટકાયતી શંકર ગોપીચંદ નીમજે ઉ.વ.૨૭ રહેવાસી તારાચંદની ચાલી મહાવીરનગર અમરાઇવાડી અમદાવાદ શહેર ના વિરુધ્ધ અમરાઇવાડી પો.સ્ટે (૧) પ્રોહિ ગુ.ર.નં.૫૦૦૯/૧૮ (૨) ૫૨૦૯/૧૮ મુજબનો દાખલ થયેલ પ્રોહિબીશન ગુનામાં આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને પાસા હુકમની બજવણી કરી આજરોજ મધ્યસ્થ જેલ લાજપોર -સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે

## ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલતી નિકોલ પોલીસ સ્ટેશન પોલીસ તા.૨૫/૦૮/૨૦૧૮

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૫ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "આઇ" ડિવિઝન સાહેબ નાઓએ અમદાવાદ શહેરમાં બનતા મિલકત સંબધી ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ જે અનુંસધાને પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી.ઝાલા નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ શ્રી એસ.વી.પટેલ તથા વુ.હેડ.કોન્સ ગીતાબા નટવરસિંહ બ.નં-૫૦૬૫ તથા વુ.લો.ર ગ્રીષ્માબેન ચંન્દ્રકાન્તભાઇ  તથા લો.ર રવિરાજસિંહ કાનજીભાઇ બ.નં-૧૩૩૪ તથા બીજા સ્ટાફના માણસો નાઓએ નિકોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૫૦/૧૮ ઇ.પી.કો કલમ-૩૮૦ મુજબના કામે ચોરીએ ગયેલ સોનાના દાગીના સાથે આ કામના આરોપણ બેન દર્પણબેન વા/ઓ કિશનભાઇ જીતેન્દ્રભાઇ જાતે-ગજેરા તે મહેશભાઇ નારાયણસિંહ રાજપુતની દિકરી ઉ.વ-૨૧ ધંધો-ઘરકામ રહે-મ.નં-૧૪ લાડ સોસાયટી સંદેશ પ્રેશ પાસે સેટેલાઇટ અમદાવાદ શહેર (મુળ વતન)પંડ્યા સોસાયટી પી.ટી.સી કોલેજની સામે રેલ્વે સ્ટેશની પાસે ઇડર જીલ્લો-સાબરકાંઠા નાનીને ગુનાના કામે પકડી અટક કરી આ કામના ફરીના મકાનમાંથી ચોરેલ ઉપરોક્ત દાગીના રીકવર કરી ગુનાનો ભેદ ઉકેલી પ્રશંસનીય કામગીરી કરેલ છે

## શાહીબાગ પોલીસ સ્ટેશન

આજરોજ પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેરનાઓના પાસા અટકાયતી હુકમ ક્માંકઃ પીસીબી/ ડીટીએન/ પાસા/ ૭૭૭/ ૨૦૧૮ તા.૨૫/૦૮/૨૦૧૮ ના હુકમ આધારે પાસા અટકાયતી હમતારામ S/O કાલારામ રત્નારામ ગરાસીયા ઉ.વ.૨૮ ધંધોઃમજુરી રહેવાસી :૪૩, સીબરબડી તા.કોટડા જિ:ઉદેપુર રાજસ્થાન નાઓના વિરુધ્ધના પાસા વોરંટ હુકમની બજવણી આજરોજ તા.૨૫/૦૮/૨૦૧૮ કલાકઃ૨૦/૩૦ વાગે કરી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.